વિજ્ઞાન વલ્લભ ખંડન.

વહાલા વાચક વૃંદ ! શારિરીક આત્મિક ને સામાજીક ઉન્નતિ કરવી એ આપણું મુખ્ય કર્ત્તવ્ય છે. ને એ ત્રણેની અવનતિ કરનારા અનાર્ય-અનાડીઓને અનાદરણિય ગણવા એજ આપણા સનાતન ધર્મનું રક્ષણ છે. ઉન્નતિ ધર્મ વડે થાય છે અને અધર્મથી અવનતિ થાય છે એ આપને અજ્ઞાત નહિ હોય. અધર્મીઓના મતનું ખંડન કરવા સારૂ શ્રી ઇશ્વર પુનઃ પુનઃ અવતાર ધારણ કરે છે. એવું આપણા મહાન ધર્મ ગ્રંથકારોએ કહ્યું છે ને આપણે પણ તેનાં સંતાન છીએ તો હવે અધર્મવાદીઓના ઉટાંગ મતનું ખંડન કેમ નહિ કરવું ? જ્યાં નાસ્તિકો રહે છે ત્યાં વૃષ્ટિ વિગેરે નહિ હોઇને તે દેશ જલ્દી ભ્રષ્ટ થઈ જાય છે. માટે રાજાઓએ પણ દેશમાંથી નાસ્તિકોને નસાડી મુકવા જોઇએ એમ આપણા માનવ ધર્મ શાસ્ત્રના આઠમા અધ્યાયના બાવીસમા શ્લોકમાં કહ્યું છે, અંતઃપર હું મુળ વિષયપર આવું છું.

ના. બ્રીટીશ સામ્રાજ્યના મુંબઇ ઇલાકાના દસક્રોઇ પ્રગણે શહેર અમદાવાદમાં રાયપુર પખાલીની પોળના રહિશ. જ્ઞાતે મેવાડા બ્રાહ્મણ નામે વ્યાસ વલ્લભરામ સુગ્જરામ તેમણે જાણે ઇશ્વરની હાઇકોર્ટમાથી લાઇસન્સ ન મેળવ્યું હોય. તેમ પોતાને ઘેર મોક્ષનો ઇજારો રાખ્યો એક બોર્ડ લટકાવી રાખ્યું છે તેઓ વ્યાસજી જ્યારે ત્યારે કૈવલ્યાદ્વૈતમતાવલંબી શ્રીમાન ગુરૂ શંકરાચાર્ય, આર્ય સમાજ અને અન્ય

કેટલાક સુધારકો પ્રત્યે અનેક દુરુક્તિઓ કરી પુસ્તકો દ્વારા તેઓના અને મારા ધર્મનુ અપમાન કરી અમારા સર્વેની ધર્મની લાગણીને દુભાવી કાયદેસર નામદાર સરકારના લોનોપણ ભંગ કરે છે, તેઓ વ્યાસજી મહારાજે રચેલા વિજ્ઞાન વલ્લભ નામના પુસ્તક મતનું હવે હું ખંડન કરૂં છું.

વ્યાસ વલ્લભરામે બનાવેલા સં. ૧૯૬૬ની સાલના વિજ્ઞાન વલ્લભ

પુસ્તકના મતનું ખંડન.

૧, વ્યાસજીએ વિજ્ઞાન વલ્લભ પુસ્તકના પ્રષ્ટ પહેલાના મનહર છંદ બીજામાં તિર્થયાત્રા અને દેરા ડેરીમાંથી પૂજ્ય ભાવ મુકાવી દેવાનો પ્રયત્ન કર્યો છે. તે કેટલો ખરાબ છે. વળી તેથી અનેકના ધર્મની લાગણી દુભાવાથી કાયદાનો ભંગ થાય છે કે કેમ ! તેનો વિચાર વાચકનેજ સોંપું છું.

૨. પ્ર. ૩ માં સર્વ ધર્માચાર્યોને આધુનિક ઠરાવી એવો ઉપદેશ કર્યો છે કે " પંથોમાં પેશીને બધુ જીવતર બાળીયું " શું તે ઠીક છે ? ના કેમકે ઘણા આચાર્યોએ પોતાના મતનું નામ પંથ ધરાવ્યું નથી કેમકે મોક્ષ વિભુ હોવાને લીધે તેને પામવા જવાનો કોઇ દુર પંથ છે નહી. આથી સર્વ ધર્માચાર્યોના સિદ્ધાન્તને તેઓએ પંથ માન્યા. એ તેમનીજ ભુલ છે. માર્ગનો અર્થ પંથ થાય છે એટલે ખરી રીતે તો વ્યાસજી પોતેજ મોક્ષ મારગી નામ ધારણ કરનાર હોવાથી તે પંથી છે ને તેવા પંથીઓના પંથમાં જેમણે પગ મુકયો છે. તેમણે પોતાનું જીવતર બાળ્યું છે, એજ એમના વચનનો વાસ્તવિક અર્થ છે.

૩ પ્ર. ૪ માં તેમણે લખ્યું છે કે, ગુરૂઓ ધર્મના ધંધા કાઢી પલંગ, કોચ, ગાદી તલાઇ, ઉશીકાં વગેરે બીછાવી મોજ મારે છે,

વાહ વાહ ! વ્યાસજી પોતે તો ગંગા તટે પર્ણશાલામાં દર્ભની સાદડી પર શયન કરી પત્ર પુષ્પનો અહાર કરતા હશે કેમ ? આ કેટલુ હાસ્યાસ્પદ છે ? ખરેખર એ વચનો પોતાનુંજ પોગળ ઉઘાડે છે વળી શું તેઓ ધર્મને માર્ગે ધન લેતા નથી ?

૪ પ્ર. ૭ માં તેમણે વૈયાકરણી વિદ્વાન લોકોની ઘણીજ નીંદા કરી દીધી છે ને લખ્યું છે કે " વિદ્વાનોએ વાંકુ વાળ્યું ઘરમનુ બીજ બાળ્યું ભાપા ભાંખી પણ પર્મ જ્ઞાન થયું છે ગાંડનુ" વાહરે વાહ તેમના જેવા મોટા પુરૂષ શિવાય જ્ઞાનની પોથીમાં " જ્ઞાન થયું છે ગાંડનુ " એવા અવિહીત શબ્દો બીજો કોણ લખે. વળી એથી એ નિશ્ચય થાય છે કે વ્યાસજીને વિદ્વાન શબ્દના અર્થનું ભાનજ નથી. કેમકે વિદ્વાન તેને કહે છે કે જે જાણવા યોગ્યને સારે પ્રકારે જાણે છે. બાકીના સહુ અવિદ્વાન છે. ને તેમાંના આ એક વ્યાસજીએ " વિદ્વાનોએ વાંકુ વાળ્યુ " લખીને તેથી ભિન્ન અવિદ્વાનોને ઉત્તેજન આપ્યું હોય એમ તેમના લેખ પરથી જણાય છે, તે વાત ખરી છે કે સહુકો પોતાના પક્ષનું તાણે. તદુપરાંત તે ખેદની વાત છે કે તેમણે પ્રષ્ટ આઠમામાં સંસ્કૃત વાણીને એક પ્રપંચીઓની પેટ કથા ગણીછે. વળી પોતે બનાવેલા ભાવાર્થ પ્રકાશ (ખાવાર્થ પ્રકાશ) પુસ્તકમાં સંસ્કૃત મંત્રોપર ટીકા કરનારા પંડિતો પ્રત્યે કહ્યું છે કે " પહેલા પાન ચાવી પછી લાળા શીદ આવે છે " તેનો ઉત્તર મારે ઉતાવળથી આપવો પડે છે કે તે તમારા જેવા લાળા (કોલસા) કહેનારા લાળાના ભોગી માટે લાળા આવે છે.

૫ પ્ર. ૯ માં તેઓ શબ્દ પ્રમાણની નિંદા કરી માત્ર અનુમાન પ્રમાણને ઉત્કૃષ્ટ ગણેછે તે વચન એ છે કે " શબ્દ પ્રમાણ તે છે અંધની જષ્ટિકાતુલ્ય અનુમાન પ્રમાણ તે જ્ઞાને રામ બાણ છે "

વાહ વ્યાસજી મહારાજ જ્યારે શબ્દ પ્રમાણને સારી રીતે માનતા નથી ત્યારે તો જેઓ શબ્દ પ્રમાણજ છે, એવાં વેદાદિ સર્વ શાસ્ત્રોને તો તમે વ્યર્થ ગણ્યાં ને તેથી તો **नास्तिकोवेदनिंदकः** । માનવ ધર્મ શાસ્ત્રના એ વચન પ્રમાણે આપ નાસ્તિક બન્યા છો વારૂ તો આપના પુસ્તકોમાં કેટલેક સ્થળે (અશુદ્ધ ભાષામાં) ઘણાં ખરાં શબ્દ પ્રમાણ મૂક્યાં છે. તે શું વળી ઓકીને ગળવાની ઇચ્છા થઇ? હું એમ ધારૂં છું કે આપની આખી ઉમ્મરમાં આવડ્યા તેટલા ગણ્યા ગાંઠ્યા શ્લોક મુકી દીધા ને બાકીનાંની નીંદા કરી દીધી હશે.

ધર્મનું જ્ઞાન થવામાં શબ્દ પ્રમાણ મુખ્ય છે તેમ કહેવામાં વેદાદિ સર્વ શાસ્ત્રો પ્રમાણ છે. પૂર્વમીમાંસાપર વ્યાખ્યાન કરનારા શબર સ્વામી કહે છે કે. **नोऽनेवप्रमाणम्**—અર્થ—કેવળ વેદવિહિત પ્રેરણાજ ધર્મ જાણવામાં કારણ છે. **मनुमेकाग्र मासीनम्** એ શ્લોકની ટીકા કરતાં મેધાતિથિ પણ કહે છે કે—

धर्म लक्षणश्चार्थो न लोकावगम्यः शास्त्रैकगोचरोयम् ।

અર્થ—ધર્મરૂપી પદાર્થ લૌકિક પ્રમાણોથી જાણવામાં આવતો નથી. પરંતુ એક શાસ્ત્રથીજ જાણવામાં આવે છે શ્રુતિ પણ કહે છે કે **नैषातर्केण मतिरापनेया**— અર્થ—તર્કવડે જ્ઞાન હોઇ શકતું નથી. આથી તમારાં તે વચનો તમે શાસ્ત્રને જાણતા નથી એમ સાબીત કરી દે છે.

૬. પ્ર. ૧૩ માં જ્ઞાનની શ્રેષ્ટતા વિષે લખ્યુ છે કે. "વેદશાસ્ત્રજ્ઞાન ગણો તો તે ભણી રેશો ક્યારે બે જન્મે ન થાય પુરૂ માટે તેને ત્યાગ જો " એ વચનથી આર્ય્ય પ્રજામાં વેદાધ્યયનનો નિષેદ્ધ કર્યો છે. આથી બ્રહ્મચર્ય્યાદિ, આશ્રમ મર્યાદનો અને **अध्यापन मध्ययनं**

વગેરે સ્મૃતિવાક્ય મર્યાદનો ભંગકરનાર આ માણસ કેટલા જ્ઞાનવાન છે તે સર્વ વિદ્વાનોને વિદીત થતું હસે. બ્રાહ્મણ–ક્ષત્રિય–વૈશ્ય તે ત્રિવર્ણ માટે ફરજપર રચાયલા વેદાધ્યયનનો ત્યાગ સૂચવનાર અધર્મી કદી પણ ઉદ્ધારને પામતા નથી એ નિઃસંશય માનવું. ખરેખર આમાં એ રહસ્ય હોવું જોઇએ કે પોતે બ્રાહ્મણ હોઇ વેદાદિ શાસ્ત્રાધ્યયન ન કરી શુદ્રવત રહ્યા એટલે બીજાઓને પણ તેવા બનાવવારેરે જુદી કીર્ત્તિને માટે જુડાઓ કેટલો યત્ન કરે છે. વળી આમ લખનાર વ્યાસજી કોઇની પાસેથી ગોખી કાઢેલાં વેદનાં એ ચાર પ્રમાણનો પોતાના પુસ્તકમાં લખી દે છે ને વળી વેદને નિંદે છે. એ પણ એક આશ્ચર્યજ છે ની ?

હવે ધ્યાન આપો વ્યાસજી મહારાજ ૐકારની સમજણ આપે છે.

૭. પ્ર. ૧૪ માં લખ્યું છે કે "પાંચ અક્ષરોનો ૐ" તે પાંચ અક્ષરો કયા ? ત્યારે અ. ઉ. ને મ. એ ત્રણ અક્ષરો બતાવી બીજા બેની તો બાકી ખેંચી દીધી છે. વળી લખ્યું છે કે "સર્વનુ શિખર ૐ" "ૐ છે પ્રણવમૂળ વારૂ સર્વનું શિખર ૐ છે તો સર્વનું મુળ શું છે ? ને ૐ તો પ્રણવનુમૂળ છે પણ પ્રવણ એ શું છે ? આ બધી વાતોની પણ બાકી ખેંચી દીધી હવે આવ્યો ૐકારનો પત્ર.

૮ આ પત્રમાં જે ૐકાર છે તેમાં જે બિન્દુ છે કે જેને વેદ પણ ઇદં રૂપે કરીને કહેતો નથી કિન્તુ ચંદ્રશાખાન્યાયે કહે છે તે **नेतिनेतितीशेषीतं यत्परंपदं--नतत्र चक्षूर्गच्छातिनबुद्धिर्गच्छाति-नवाग्गच्छातिन मनोनविद्म.नवि जानिमो** વગેરે શ્રુતિ વચનોથી વિદીત થાય છે કે તે બ્રહ્મ મન ઇન્દ્રિયોનો અવિષય છે, ત્યાં તો

વ્યાસજી મહારાજ ઝપાટા બંધ જઇ પહોચ્યા ને બિંદુમાં પાંચ વર્ષની પ્રતીમા પણ પધરાવી દીધી એ કયા વેદશાસ્ત્રના પ્રમાણથી પધરાવી દીધી વારૂં ! હાં હાં દત્તાત્રેય સ્તવ માંના લક્ષ્ય રૂપે કરી જે ગુરૂસ્તવનનો શ્લોક છે તેમાંના ચોથા ચરણમાં લખેલા **सग्दुरू-त्वंनमामि** ને બદલે **सत्स्वरुपंनमामि** એવો ફેરફાર કરીને તેમાંના પહેલા ચરણમાં લખેલા **केवलंज्ञानमूर्तिं** એ શબ્દને આધારે બિંદુમાં પાંચ વર્ષની કીશોર પ્રતિ પધરાવી દીધી છે. વળી મ્હે પોતે તેમના મોઢેથી સાંભળ્યું છે કે જુઓ વિષ્નું સહસ્ત્ર પાઠમાં લખ્યુ છે કે **नमोसनंतासहस्त्रमूरते सहस्त्रपादकिशोरबाहु** આમાં પરમાત્માને કીશોર કહ્યા છે તેથી તે કીશોર મૂર્ત્તિ છે. વાહ વાહ જુઓ તેમની વિદ્વતા શુદ્ધશ્લોક શું છે કે **नमोत्स्वनंतायसहस्त्रमुर्त्तये सहस्त्र-पादाक्षिशिरोरूबाहवे** તેમાં જે ક્ષિશિરોરુ એટલે મસ્તક ઉરનો વાચક જે શબ્દ છે તેને ઠેકાણે તેમણે કીશોરબાહવે ગોખી કાઢયું મારી મેળવવામાં સાહસ કરનાર આધર્માચાર્યને કેટલો ધન્યવાદ ઘટે છે. તેનો વિચાર વાચકજ કરશો.

હવે તેથી નિચે તર્ફ ઉતર્યા તો અવ્યવહાર્ય જે અમાત્ર છે. તેમાં પરબ્રહ્મને સુવાડયા ને તેમની નાભીમાંથી પંચમુખી બ્રહ્માપેદા કરીબતાવ્યા. કેટલું આશ્ચર્ય ! પુરાણોમાંથી એ વાત સાંભળી હશે કે ક્ષીરસાગરમાં શ્રી વિષ્નુસુતા હતા તેમની નાભીથી બ્રહ્મા થયા, હવે પંચ મહાભૂતમાં આવેલા ક્ષીરાદિક સમુદ્રનો તે અમાત્રમાં પોતે સ્વિકાર કરતા નથી. તો પણ ચિત્રામણ તો ચિતરી કાઢયું. આપણુ એક ૐકારનો નવીન નમૂનોજની ? તે પછી નિચે ઉતર્યા એટલે શક્તિ શિવ વિષ્ણુ બ્રહ્માને તેમની નિચે સૂર્ય ચંદ્રાદિ દેવો તેમની નિચે જગતના પદાર્થો વગેરે વગેરે કલ્પનાઓ કરી દીધી એ બધી

આશ્રતોનો ખુલાસો તો કાંઈક મોટો હોવો જોઈએ. તોપણ ઉપરોક્ત અમાત્ર અને બિંદુનો ખુલાસો જોસપ્રમાણ મળશે તો સંતોષ માનીશું. બીજું એક આશ્ચર્યએછે કે વેદમાં જે સર્વરૂપ ૐકાર કહ્યો છે. કે જેની બહાર કાંઈ પણ નથી, તો પણ વ્યાસજી મહારાજે તો તેથી બહાર પણ અવકાશ લેઈ તેમાં જંતુને આકારે જીવોને ઉડાડયા છે એ વળી કયા વેદનો મત લીધો તે કાંઈ સમજી શકાતુ નથી.

૯ હવે પ્ર. ૧૫ મે ૐકારની ખાસ સમજુત આવી તે પણ વિચારીએ, આમાં એમ બતાવ્યું કે, "અકાર છે ઇશ્વરોનો મકાર છે માયા તણો ઉકાર જીવાત્માઓનો અંતરમાં આણજો" તે વાત ખરી હોવા વિષે કયો વૈદિક મંત્ર પ્રમાણ છે? વ્યાસજી તે કાંઈ બતાવી શકશે કે? નાના વેદમાં તો તે વાત નથી. ત્યારે તો સમજવું કે તે કપોલ કથાજ હશે, નરવીરો? ૐકાર સંબંધી હું મારી સમજણ કહું છું કે ૐકારના ચતુષ્પાત્ છે. તે એ કે ૧ અકાર. ૨ ઉકાર ૩ મકાર ને ૪ અમાત્ર તેમાં અકાર તે વિશ્વ છે ને તેના અભિમાની વિરાટ છે, ઉકાર તે તૈજસ છે ને તેના અભિમાની હિરણ્યગર્ભ છે મકાર તે પ્રાજ્ઞ છે ને તેના અભિમાની શ્રી ઇશ્વર છે. અને અમાત્ર તે તુરિય છે ને તેનો અભિમાની આત્મા છે. એમ નિચેનાં શ્રુતિ વચનોથી સિદ્ધ થાય છે,

सोऽयमात्माऽध्यक्षरमोंकारोऽधि मात्रं पादामात्रा मात्राश्च पादा अकारः उकारो मकारः इति ॥तअ॥जागरितस्थानो वैश्वानरोऽकारः प्रथमामात्रा। स्वप्नस्थान स्तमस उकारो द्वितिया मात्रा। सुषुप्तस्थानः प्राज्ञोमकार स्तृतिया-

मात्रा ॥ अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपञ्चोपशमः शिवो द्वैतएवमोंकार आत्मैव संविशत्यात्मनाऽऽत्मानं यएवंवेद यएवंवेद ॥ सर्वंह्येतद्ब्रह्माऽयमात्माब्रह्मसोऽयमात्मा चतुष्पात् ॥ श्रुते ॥ मां० उ० ॥ અર્થ સ્પષ્ટ છે. માટે આથી વિદ્ધ વ્યાસજીની કલ્પનાઓ કેવળ નવીન અપ્રમાણ એટલે કરત્રીમ છે ને તે સાથે તેમાં ઘટાવેલ અવસ્થાઓ ભોગ–સ્થાન–દેવ વગેરે સર્વ કત્રીમ છે એ નિર્વિવાદ માનવું.

૧૦ પ્ર ૧૮ માં તેમણે વિકાર વિષે જે મનહરછંદ લખ્યો છે. તેમાં લખ્યું છે કે. " અવિકારી અઅક્ષર ઉં. અર્ધવિકારી ને મ. વિકારીપૂર્ણ " આ પ્રમાણે ૐના જે ત્રણ અક્ષર તેમાં દોઢ અક્ષર વિકારી ગણ્યો ત્યારે તો તેનો જાપ કરવામાં શું સાર ખરેખર વ્યાસજી મહારાજ બોલતાં ભૂલ્યા હશે કે આખા ૐનો જાપ કરવો. ખરી રીતે તેમાંના વિકારી દોઢ અક્ષરનો ત્યાગ કરીને જાપ જપવો જોઇએ, એટલે અ. આખો ને ઉ. અડધો જ બોલવો જોઇએ. એથી જાણે કોઇએ ગળું દાબ્યું હોય ને ઑા ઑા થાય. એવો ઉચ્ચાર નિકળે.

૧૧ પ્ર. ૨૦ માં લખ્યું છે કે " તે માત્રા માયા વશિષ્ટ" એમ કહેવામાં શું પ્રમાણ છે. પ્ર. ૨૧ મે માયાનાં સ્થળ વિષે લખ્યું છે કે " તમો ગુણી માયા તણું સ્થળ છે આલોક વિષે " એટલે આ લોક વિષે ફક્ત તમો ગુણજ છે ત્યારે તો अधोगच्छन्ति तामसा । અર્થ તામસગુણ જેમાં છે તેનો અધપાત થાય છે એ શ્રીમદ્ ભાગવદગીતાના વચન પ્રમાણે વ્યાસજી અને તેમના શિષ્યો એ, બધાંની અધગતી થશે કે શું ? તે પણ મોટી શંકા થઇ કેમકે તેમણે " સત્વ ગુણી માયા તણું ઈશ્વર કોટીમાં સ્થળ" એ

6039

વાકયે કરીને સત્વગુણ તો બહુ છેટે બતાવ્યો છે.

૧૧ હવે પ્ર. ૨૨ મે આવ્યા પાંચ પ્રલય તે એ બતાવ્યા કે ૧ નિત્ય. ૨ નિમીત ૩ પૃથ્વી ૪ મહા ને ૫ આત્યંતિક તો તે કયા શાસ્ત્રમાં લખ્યા છે તે તેમણે સિદ્ધ કરી આપવું જોઇએ શાસ્ત્રમાં માત્ર ? નિત્ય ૨ નૈમિત્તિક ૩ પ્રાકૃત ને ૪ આત્યંતિક એમ ચાર પ્રકારના પ્રલય કહ્યા છે. જે નિચેનાં વચનોથી વિદીત થશે.

योऽयंसंदृश्यतेनित्यं लोकेभूतक्षयास्त्विह । नित्यः संकीर्त्यतेनाम्ना मुनिभिप्रतिसंचरः ॥ ब्राह्मोनैमित्तिकोनाम कल्पान्तेयोभविष्यति । महदादिविशेषान्तं यदासंयातिसंक्षयम् ॥ प्राकृतःप्रतिसर्गोयं प्रोच्यते कालचिन्तकैः । ज्ञानादात्यन्तिकःप्रोक्तो योगिनःपरमात्मनि ॥

૧૨. પ્ર. ૨૩ મે લખ્યું છે કે બ્રહ્માજી રવિ તરફને મોઢેથી બોલ્યા તે ઋગવેદ ઉત્તરાભિ મુખે બોલ્યા તે યજુરવેદ સાયંકાળને મોઢેથી બોલ્યા તે સામવેદ યવનદીશાને મોઢેથી બોલ્યા તે અથર્વણ વેદ ને પાંચમા ગર્દભમુખથી બોલ્યા તે સૂક્ષ્મવેદ ૐકાર છે. વાહવાહ ગર્દભસ્વરનુ ઉચ્ચારણ તે ૐ છે. વળી બીજા ચાર વેદના મંત્રો શું ૐકારથી રહિત હતા ? આનો ઉત્તર મળવો જોઇએ.

૧૩. પ્ર. ૨૩ મે સૂક્ષ્મવેદની શ્રેષ્ટતાના વિષયમાં લખ્યું છે કે વિદ્વાન કરતાં જ્ઞાનવાન મોટો છે આ વચન પરથી પણ વ્યાસબુદ્ધિની તુલના કરવી જોઇએ, કેમકે વિદ્વાનનું નામજ જ્ઞાનવાન છે એટલે તેમાં વૈલક્ષણ ઘટતું નથી જુઓ શ્રુતિમાંપણ વિદ્વાનપણાનીજ પ્રશંસા કરી છે

आनन्दं ब्रह्मणो विद्वान्नबिभेति कुतश्चन । श्रुते ।

બ્રહ્મના આનંદને જાણી ને વિદ્વાન કોઈ થકી ભય પામતો નથી.

यथानद्यः स्पन्दमाना समुद्रेऽस्तगच्छन्ति नामरूपंविहाय । तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ॥

જેમ સર્વ નદીઓ સમુદ્રમાં અસ્તગત થઇ નામ રૂપથી મુક્ત થાય છે તેમ વિદ્વાન પણ પરાત્પર એવા દિવ્ય પુરૂષને પામીને નામ રૂપથી મુક્ત થાય છે। વગેરે વચનોથી વિદ્વાનશબ્દનો વ્યવહારજ શ્રુતિ માન્ય છે.

૧૪. પ્ર. ૨૪ માં જે કલ્પની લયોત્પત્તિ બતાવી છે. તે તદ્દન ખોટી છે. કેમકે બ્રહ્માનાં સોવર્ષ પુરાં થયે પ્રાકૃત પ્રલય થઇ જાય છે તત્પશ્ચાત્ કોઈ પણ દેવોના દિવસ ઘડીની વાખ્યા કોઇ પણ પ્રામાણિકશાસ્ત્રમાં કરી નથી. તેમ છતા જો તે ખરી હોય તો તે માટે પ્રમાણ આપવાં જોઇએ. વળી આજ વિષયમાં લખ્યું છે કે કલ્પાંતે સઘળું વિશ્વસુક્ષ્મ બની પરમબ્રહ્મના પ્રાણાયામમાં–પુરકમાં ખેંચાઈ જઇ તેમના કુંભકમાં હૃદયસ્થાને સ્થિત થાય છે, ને પાછું રેચક થઇ નિકળે છે. એ કેટલું અપ્રામાણિક છે.? કેમકે પર્મબ્રહ્મને શરીર ઇન્દ્રિય કે પ્રાણવાયુ છેજ નહિ તે તો તે સર્વથી પર છે એમ **ह्यप्राणो ह्यमना शुभ्र मक्षरात्परतःपरः** ।એ શ્રુતિથી સિદ્ધ છે. તથાપિ વ્યાસજી મહારાજે તો તેમને નશ્વર દેહના ધારણ કરનારા ઠરાવી દીધા. ને તેમાં ભૌતિક પ્રાણવાયુ પણ ઘુસાડી દીધો. કદી તેઓ એમ કહેશે કે તેમનો પ્રાણાયામ પ્રાણવાયુનો નહિ પણ તેમની જ્ઞાન ચૈતન્યગતિનો થાય છે. તો તેનું નામ પ્રાણાયામ કહેવાય. જ નહિ તે પ્રાણાયામ શબ્દના અર્થથી સહજ સમજી શકાય છે.

ક્વચિત ક્ષણભર તેમના કહેવા પ્રમાણે કોઇ માને તો અમો પ્રશ્ન કરીએ છીએ કે બ્રહ્મની જ્ઞાન ચૈતન્યગતિ ચલિત છે કે અચલિત જો કહેશે ચલિત તો બ્રહ્મપણ ચલિત ઠરશે કેમકે જ્યારે પુરૂષ ચલિત હોય છે ત્યારેજ તેની છાયા પણ ચલિત બને છે. નહિતર નહિ, યદી તેઓ દુરાગ્રહથી દ્રષ્ટાન્ત આપશે કે જેમ સૂર્ય અસ્ત થયે તેનાં કિરણો તેમાં સમાઇ જાય છે. તેમ બ્રહ્મની ગતિ પણ બ્રહ્મમાં સમાઇ જાય છે, તો તે દ્રષ્ટાન્ત સર્વથા અમાન્ય છે. કેમકે મંદબુદ્ધિને વાતાવર્ણવડે સૂર્યનાં કિરણો તેમાં અસ્ત થતાં ભાસે છે પરંતુ વાસ્તવિક રીતે તેમ છે નહિ એવું જ્યોતિષ શાસ્ત્રવેત્તા ભાસ્કરાચાર્યે કહ્યું છે. વળી સૂર્ય તો પોતાની ધરીમાં પણ ભ્રમણ કરનાર હોવાથી ચલિત છે. ને બ્રહ્મ તો ચલિત નથી. વાસ્તે તેમનો તે સિદ્ધાન્ત તદન ખોટો છે.

૧૫ પ્ર. ૨૬ મે મુક્ત મુક્તિને મોક્ષનાં સ્થળના ત્રણ પ્રકાર બતાવ્યા છે, તે પણ કલ્પિત છે કેમકે માયા બંધથી મુકત થવું તેનુંજ નામ. મુક્તિ, મોક્ષ, ને તેજ મુક્ત છે, કે જે અવિદ્યાબંધથી મુક્ત થાય છે. તેના ત્રણ પ્રકાર હોતા નથી.

૧૫ પ્ર. ૨૭ માં પંદર તત્વોનું સ્થુલ શરીર કહ્યું છે તેમાં પચ મહાભૂત પાંચ કર્મેન્દ્રિયો, ને પાંચ જ્ઞાનેન્દ્રિયો ગણી પંદર તત્વ જણાવ્યાં તે સર્વથા અનુભવ રહિત છે. વાંચકોએ આ માટે પંચીકરણ કે, ઋગ્વેદનુ ઐત્તિરિય ઉપનિષદ વાંચવું વિચારવું જોઇએ અંધ શ્રદ્ધાળુ હોઇ પુરૂષાર્થ હીન ન બનવું,

૧૬ પ્ર. ૨૯ મે વૈસ્ય અને પશુઓની શ્થિતી બ્રહ્મના ઉદરમાં કહી છે. ત્યાં હું એમ ધારૂં છું કે વિરાટ રૂપ વર્ણન ને ઉદ્દેશી ને

ઉચ્ચારાયલા વેદમંત્ર उरूतदस्ययद्वैश्यः એમાં ઉરુ એટલે જાંગનો અર્થ તેમણે ઉદર કરી કાઢયો હશે. એ પણ તેમની અવિદ્વતાનોજ નમુનો છે.

૧૭ પ્ર. ૩૦ માં માયાને ચૈતન્યનું પંચીકરણ કથી માયા અને ચૈતન્યના ચાર ચાર દેહ બતાવ્યા છે તે તદન મિથ્યા છે. કેમકે ચાતુર્વીધ ચૈતન્ય છે નહિ ને માયાના પણ ચાર દેહ કોઇ શાસ્ત્રમાં લખ્યા નથી. માત્ર સ્થુલ સુક્ષ્મને કારણ તે ત્રણ દેહ છે ને ચોથો મહા કારણ આત્મા છે. હવે અત્યાર સુધી તો જ્ઞાનોપદેશ નહોતો પણ હવે પ્ર. ૩૨મે આવ્યો આ જ્ઞાનોપદેશના મનહરમાં વિદ્યાચાર્ય કર્માચાર્ય ને ધર્માચાર્યનો ઉપદેશ દૂર મૂકવા માટે કર્યું છે આ પરથી તો એમજ સિદ્ધ થાય છે કે તેઓ અવિદ્યાચાર્ય અકર્માચાર્ય ને અધર્માચાર્યજ હશે.

૧૮ પ્ર, ૩૩ માં પરમાત્માની જ્ઞાન ચૈતન્ય એવી બે પ્રકારની ગતિ કહી છે એ પણ એક ગજવામાંનુજ ગપોડુની ? કેમકે જે જ્ઞાન ચૈતન્ય છે તેજ પરમાત્મા છે. તેજ પરમ ગતિ છે. તેથી ભિન્નગતિ કયી ? જો આમણે માત્ર એક કાઠકોપનિષદજ જોયું હતે તો આવાં અજ્ઞાન વાકય ન લખત. શ્રી કાઠકોપનિષદમાં કહ્યું છે કે पुरूषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः । क ३ ॥ પુરૂપથી પર અન્ય કાંઇ પણ નથી. તેજ સર્વની અવધી અને તેજ ગતિ છે આ વિભુ ચૈતન્યથી ભિન્ન ગતિ એવું કાંઈ હોવામાં અવકાશ કે પ્રમાણ નથી. તેથી તે વાત સમીચીન નથી.

૧૯ પ્ર. ૩૫ માં વ્યાપક ન્યારા વિષે લખ્યું છે કે પૂર્ણ બ્રહ્મ-વ્યાપક નથી પણ ન્યારા છે. ને જેઓ તેમને વ્યાપક કહે છે તેઓ કે

મુર્ખ છે. આ વિષય પોતાનીજ મુર્ખતાને પ્રતિપાદન કરી આપે છે તે તેઓ સમજ્યા નથી કેમકે પૂર્ણ બ્રહ્મ એ શબ્દજ સર્વ વ્યાપકતા સુચવે છે. જો વેદાદિ સત્શાસ્ત્રનુ તેનણે અવલોકન કર્યું હતે તો આમલખત નહિ જુઓ શ્રુતિનો શું સિદ્ધાન્ત છે.

एकोदेवः सर्वभूतेषुगूढः सर्वव्यापीसर्वभूतान्तरात्मा । कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षीचेताकेवलोनिर्गुणश्च ।

એ એકજ પરમાત્મા સર્વ પ્રાણીઓમાં ગુઢ સર્વ વ્યાપક સર્વનો અંતરાત્મા સાક્ષી ચૈતન્ય ને કેવલ નિર્ગુણ છે ॥ योदेवोअग्नौ-योअप्सुयोविश्वंभुवनमाविवेश । यओषधिषुयोवनस्पतिषुतस्मैदेवायनमोनमः । જે દેવ અગ્નીમાં જળમાં સકળ વિશ્વભુવનમાં ઔષધિઓમાં વનસ્પતિયોમાં વ્યાપીને રહ્યો છે તે દેવને નમસ્કાર। ब्रह्मैवेदममृतंपुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण। अधश्चोर्ध्वंचप्रसृतं ब्रह्मैवेदंविश्वमिदंवरिष्ठम् ॥ અમૃત રૂપ બ્રહ્મને જાણ તે આગળ પાછળ દક્ષિણે ઉત્તરે નિચે ઉપર અને બાહ્યાભ્યંતર આ વિશ્વમાં વ્યાપીને રહ્યો છે, વગેરે પ્રમાણોથી બ્રહ્મ સર્વ વ્યાપક છે, ન્યારા નથી જેઓ ન્યારા હોય તેઓ એક દેશાવચ્છિન્ન કહેવાય છે ને તેથી તે અલ્પજ્ઞ ઠરે છે. બ્રહ્મ તો દેશકાલને વસ્તુ પરિચ્છેદથી રહિત છે देशकालः वस्तुतोपरिच्छेदरहितंब्रह्मः આથી તેમનો ન્યારા પણાનો સિદ્ધાન્ત તદન ખોટો છે ને તેથી તેની સાથે તેવો એક દેશી મોક્ષ પણ ખોટો છે. આવી વેદશાસ્ત્રથી વિરૂદ્ધ કાલ્પનિક વાતો કહેનારા અને સાંભળનારાઓનું કલ્યાણ કદી પણ થતું નથી એ ધ્યાનમાં રાખવું.

૨૦ વળી તેજ પ્રશ્નમાં આકાર વિષે લખ્યુ છે કે બ્રહ્મને જે નિરાકાર કહે છે તે આંધળો છે, બ્રહ્મ નિરાકાર નથી તેમ સાકાર પણ નથી, કિન્તુ તેતો અલૌતિક આકાર છે આમ તેમનુ માનવું છે એ કેટલું વેદ વિરૂદ્ધ છે જે નિચેનાં વચનોથી જણાશે આકાર તે સ્થૂલનોજ હોઇ શકે છે ને સ્થૂલ તે ભૂતોનું કાર્ય છે. આથી ભિન્ન કોઇ અલૌતિક આકાર કોઇ પણ શાસ્ત્રથી સાંભળ્યો નથી અલૌતિક વસ્તુ માત્ર ચૈતન્ય બ્રહ્મ છે ને તેનો આકાર નથી એમ સર્વ શાસ્ત્રો કહેછે **न तस्यप्रतिमाअस्ति यस्यनाममहद्यशः ॥श्वे०॥** જેનુ નામ મહદ્યશ છે તેનો આકાર નથી **॥ दिव्योह्यमुर्तः पुरुषः सबाह्याभ्यन्तराह्यजः ॥ मुं ॥** તે દીવ્ય છે અમૂર્ત્ત (આકાર વગરનો) છે ને તે અજપુરૂષ બાહ્યાભ્યંતર પુરાઇને રહ્યો છે. આથી વ્યાસજીનો સીદ્ધાન્ત તે સીદ્ધાન્ત નથી પણ તે એક જાતનું અજ્ઞાન-ધ્વાંત છે.

૨૧. પ્ર. ૩૭ માં તેમણે બ્રહ્મને નિર્ગુણ કે સગુણ નહિ પણ સદ્‍ગુણ કહ્યો વાહરેવાહ સગુણ અને સદ્‍ગુણનો અર્થ તો સારો કર્યો. આથી એમને મતે બ્રહ્મસગુણ ઠરે છે. ને તેથી માયાવી તથા કર્ત્તા કર્યા. ને તેથી તો તેમનો સઘળો હેતુ શુષ્કજ બની ગયો. માયાથી ભિન્ન કોઇ સ્થળે ગુણ નામે છે નહિ ને શ્રુતિમાં બ્રહ્મને નિર્ગુણ કહ્યા છે તે ઉપરના **केवलो निर्गुणश्च** એ વચનથી આપણે બતાવી ગયા છીએ.

૨૨ હવે જુઓ પ્ર. ૩૯ મે સિદ્ધાન્તોનું સિદ્ધાન્ત આવ્યું તેમાં જણાવ્યું કે " દાસોસ્મિપણાથી રહેવું તે સિદ્ધાન્ત સારો છે" આમાં પ્રથમ હેડીંગજ ખોટુ છે કેમકે જેમ પ્રકાશકનો પ્રકાશક કોઈ હોઈ

શકતો નથી. તેમ સિદ્ધાન્તોનો સિદ્ધાન્ત પણ હોઈ શકતો નથી. છતાં તે પર વિશેષ વાખ્યા કરતા નથી પણ હવે એ જાણીએ કે, દાસોસ્મિ કહીને રહેવું તે સારૂ છે કે કેમ ? હાં તે તો ભેદ ભાવ થયો વારૂ તો આવા ભેદવાદીઓ પ્રત્યે શ્રુતિ સ્મૃતિ શું કહે છે તે તપાસીએ. **मृत्योः समृत्युमाप्नोति य इहनानेव पश्यति** જે આ આત્મામાં ભેદ ભાવથી જુવે છે. તે મૃત્યુના મૃત્યુને પામે છે. **योऽन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते । किंतेन नं कृतं पापं चोरेणात्मापहारिणा ॥** જે આત્માને અન્યથા જાણીને ભેદભાવે પ્રતિપાદન કરે છે. તે આત્માનું અપહરણ કરનારા ચોરે શું પાપ ન કર્યું! અરરરર એ સિદ્ધાન્તતો સારો નથી કે દાસોસ્મિ પણાથી રહેવું કેમકે જેઓનો દાસભાવ છે તે કદીપણ દેવભાવને પામતા નથી. કિન્તુ તે તો જેવાને તેવાજ સદાને માટે બન્યા રહે છે. એમ નિચેના શ્રુતિ વચનપરથી સ્પષ્ટ વિદિત થાય છે. **योयच्छ्रद्धः सएवसः ।** જેનો જેવો ભાવ છે તે તેવોજ રહે છે. આથી એવો મતતો લેશ પણ આદરણિય નથી, એ સુજ્ઞોએ વિચારવું. વાચક વૃંદ ? ઉક્ત વ્યાસજી એ બનાવેલ ભાવાર્થ પ્રકાશ (ખાવાર્થ પ્રકાશ) પુસ્તકનું ખંડન પણ આમાંજ થઇ ગયું જાણવું. કેમકે તે બન્ને પુસ્તકો પરસ્પરનું રૂપાંતર છે. માત્ર વેચી સારી પૈસા પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તેઓએ તેનાં જુદાં નામ પાડયા હોય તેથી આપણે તે જુદાં છે છે એમ માનવાનું નથી. વાસ્તે અત્રે પિષ્ટ પૈશણ કરતા નથી.

ઇતિ ખંડનમ.

પ્રશ્નો.

શ્રીમાન્ વ્યાસજીએ બ્રહ્મવાદ ખંડન એ નામનું પુસ્ અદ્વૈત મતાવલંબીઓને ઘણોજ તિરસ્કાર આપ્યો છે. ને કુંઠાં વચનો પણ કહેલાં છે છતાં તેને ક્ષમા આપી મા દ્વૈતાવલંબીને હું નિચેનાં પ્રશ્નો પૂછુ છું.

પ્ર. ૧ જીવ અને બ્રહ્મ બન્ને સ્વજાતિય છે કે વિજાતિય ?

૨ જીવ અને બ્રહ્મ બન્ને સાકાર છે કે નિરાકાર ?

૩ જીવ બ્રહ્મનો અંશ છે કે કાંઇ અન્ય ?

૪ નિરાકારના અંશ હોઇ શકે ખરા કે ?

૫ દ્રષ્ટા અને દ્રષ્યનું સ્વરૂપ લક્ષણ શું છે ?

૬. જીવ અને બ્રહ્મ પરસ્પર ભિન્ન છે તો તેમાં દ્રષ્ટા ને દ્રશ્ય કોણ છે ?

૭ જે એકદેશી હોય તે સ્વયં સર્વજ્ઞ હોઇ શકે કે કેમ ?

૮ કયી શ્રુતિમાં ચૈતન્યને દ્વિવિધ કહ્યું છે ?

૯ ચૈતન્ય એકથી ભિન્ન વસ્તુ શું હોઇ શકે ?

૧૦ તમારા બ્રહ્મવાદખંડનની પેઠે કયી શ્રુતિ સ્મૃતિમાં અદ્વૈત નિંદા કરી છે ? તે કહો.

આ પ્રશ્નોનો ઉત્તર આપશો એટલે અમારા અદ્વૈતમતની સત્યતા સર્વને સર્વોત્કૃષ્ટ સમજાશે.